બરછી કાર્યાલય C/o.ફાઇન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઇન રોડ, કોટેચા ગર્લ્સ હાઇસ્કૂલ બિલ્ડીંગ,
રાજકોટ-૧.
Email : barchhi@rediffmail.com · Web : www.barchhi.com

માર્ચ-૨૦૨૨
વર્ષ : જાન્યુઆરીથી ડિસેમ્બર
વર્ષ : ૫૮
વાર્ષિક લવાજમ : રૂા.૨૦૦

:: તંત્રી ::
વિરેન શાં. ધોળકીયા
મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫



## ઈશ છે ઉદાર !

દર્દને તો દર્દ મળ્યું
પૂછ્યા આપસ કેરા હાલ
જે મળ્યું એ ભોગવવું રહયું
દવા પાછળ દોડવું બેકાર...
કોઈએ કંઈ ન સાંભળ્યું
દુનિયા તો છે ખરે બેકાન
સુખ જેવું નામ જ બળ્યું
બસ રખડીએ થૈ બેહાલ...
પરંતુ...
બન્ને કેરૂં હૃદય ધડક્યું
ઈશ્વરને પ્રાર્થીએ ચાલ
દર્દો બન્નેએ ધ્યાન ધર્યું
શ્રદ્ધા રાખીએ ઈશ છે ઉદાર.

—જસમીન દેસાઈ 'દર્પણ', રાજકોટ.
મો.૯૪૨૮૩૪૯૮૧૨

## આવતીકાલની આશા (બરછી–ફેબ્રુઆરી–૧૯૭૦)

### સુબોધચંદ્ર દવીપીનચંદ્ર નાણાવટી

એન.સી.સી.માં કેડેટ કેપ્ટન તરીકે યશ મેળવનારા



જૂજ વિદ્યાર્થીઓમાં ૧૮ વર્ષની ઉંમરના કુમાર સુબોધચંદ્ર દવીપિનચંદ્ર નાણાવટી છે. હાલ તેઓ પૂના ખાતે એમ. ઇ. એસ. કોલેજમાં બી. એસ. સી. (બી. ગ્રુપ)ના પ્રથમવર્ષમાં અભ્યાસ કરી રહેલ છે. મૂળ જૂનાગઢના પણ હાલ પૂના ખાતેની નેશનલ કેમીકલ લેબોરેટરીમાં સંશોધન કાર્ય કરતા ડૉ. દવીપિનચંદ્ર દિલસુખરાય નાણાવટીના તેઓ પુત્ર છે. કુમાર સુબોધ નવમા ધોરણથી એન.સી.સી. (નૌકાદળ)માં જોડાયેલ. અત્યાર સુધીમાં તેઓએ A I અને A II પરિક્ષાઓ ‘એ’ ગ્રેઇડમાં તથા ‘બી’ સર્ટીફીકેટની પરિક્ષા બી–ગ્રેઇડમા પાસ કરેલ છે. એક યશસ્વી વિદ્યાર્થી તરીકે સુબોધ ને બૉટ પૂલીંગ રીગાટા ટુકડીમાં પ્રથમ સ્થાન મળેલ તેટલું જ નહિ પણ મહારાષ્ટ્ર રાજ્યના પ્રતિનિધિ તરીકે તેઓને અખિલ ભારતીય બૉટ પૂલીંગ રીગાટામાં ભાગ લેવા કોચીન મોકલવામાં આવેલ ગયે વર્ષે પૂના ખાતેની નેશનલ ડીફેન્સ એકેડેમી તરફથી યોજવામાં આવેલ કેમ્પમાં બેસ્ટ પૂલીંગ ક્રુ (Crew)ની તથા ફાયરીંગની રનર્સ અપની એમ બે ટ્રોફી મેળવવા તેઓ ભાગ્યશાળી થયેલ. તેઓએ શાળાનો અભ્યાસ પણ પૂના ખાતે લીધેલ. જ્યાં તેઓએ હોકીના એક અચ્છા ખેલાડી તરીકે નામના મેળવેલ.- શાળા કોલેજના રંજન કાર્યક્રમમાં ‘ઓરકેસ્ટ્રા’નું સંચાલન તેમને સોંપવામાં આવતું. સ્ટેમ્પ એકઠી કરવાનો તેમને શોખ છે. આ વર્ષે પૂના વિશ્વવિદ્યાલય તરફથી ધારવાડ મુકામે યોજાયેલ કલ્ચરલ એકસ્ચેઇન્જ પ્રોગ્રામમાં પોતાની કોલેજના પ્રતિનિધિ તરીકે તેમને મોકલવામાં આવેલ. ભાગ લેવા આવેલ વિદ્યાર્થીઓમાં ઉપરમાં તેઓ સૌથી નાની વયના હતા. આવા આપણા આશાસ્પદ વિદ્યાર્થીને અભિનંદન !

### શ્રી મહેશચંદ્ર જન્મશંકર બુચ



મૂળ જામનગરના મહેશચંદ્ર જન્મશંકર બુચ હાલ મોરબી ખાતે યુ. એન મહેતા આર્ટ્સ કોલેજમાં અભ્યાસ કરી રહેલ છે અને એન. સી. સી. મા અન્ડર ઓફીસરનો હોદ્દો ધરાવે છે. ચાલુ સાલમાં ‘બેસ્ટ કેડેટ’નું સર્ટીફીકેટ મેળવવા પણ તેઓ ભાગ્યશાળી થયેલ છે. જામનગર ખાતે તેઓનો જન્મ. પણ છઠ્ઠા ધોરણ સુધીનો અભ્યાસ રાજકોટની સૌરાષ્ટ્ર હાઇસ્કુલમાં, શાળામાં ઇતર પ્રવૃત્તિમાં સારો રસ તેઓ ધરાવતા. આજે કોલેજની અનેક વિધ પ્રવૃત્તિઓ જેવી કે ક્રીકેટ, વોલીબોલ, કબડી, ટેબલ ટેનીસ, ફાસ્ટ સાઇકલીંગ, રનીંગ, હેમર થ્રોમાં ઇનામો મેળવેલ છે. સૌરાષ્ટ્ર યુનિ. વેઇટ લીફટીંગ બેન્ટમ વેઇટમાં તેઓ બીજા નંબરે આવેલ જ્યારે ડ્રામેટીકસમાં પણ આગવું સ્થળ પ્રાપ્ત કરેલ. તેઓએ A I અને A II એમ એન.સી.સી.નાં બન્ને સર્ટીફીકેટ મેળવેલ છે. તેઓએ શાળા દરમ્યાન એન.સી.સી.ના ત્રણ અને કોલેજના બે કેમ્પ ભરેલ છે અને છેલ્લે તેઓને સાર્જન્ટનું સર્ટીફીકેટ મળેલ છે. દરેક યુવકને સુદૃઢ શરીર હોવું જોઇએ તેમ તેઓ માને છે અને તે માટે નિયમિત વ્યાયામ, જેવાં કે દંડ બેઠક, વેઇટ–લીફ્ટીંગ, મગદળ વગેરે કરે છે. આર્થીક સમતુલા જાળવવા તેઓને અભ્યાસ સાથે નોકરી કરવી પડે છે. જ્યાં પણ તેઓ ઝળકી રહેલ છે. અભિનંદન !

---

**Luck is all about“Opportunity meets“Preparation !“Be prepared catch opportunity! “Choice is yours! - Mehul Bhatt**

## શ્રેયા વસાવડાએ પીએચ.ડી.ની પદવી મેળવી



સાંપ્રત સમયમાં શિક્ષણ–ભણતર–માં વિવિધ કારણોસર વધતા જતા તનાવ (સ્ટ્રેસ)અને તેની દૂરોગામી સામાજીક અસરો નિવારવાના ઉપાયોના અભ્યાસ હેતુથી શ્રીમતી કે.એસ.એન.કણસાગરા કોલેજમાંથી એમ.એ. (મનોવિજ્ઞાન) થયેલાં રાજકોટ સ્થિત શ્રેયા આસુતોષ વસાવડાએ રજૂ કરેલ મહાશોધ નિબંધ 'વિદ્યાર્થીઓના શૈક્ષણિક મનોભાર,આવેગિક બુદ્ધિ અને સ્વ–કાર્યસાધકતાનો અભ્યાસ' ને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ માન્ય રાખી તેમને પીએચ.ડી.ની પદવી પ્રદાન કરી છે. તેઓએ આ મહાશોધ નિબંધ એમ.વી.એમ. આર્ટ્સ કોલેજ, રાજકોટના પ્રા.ડો.એચ.વી. કાસન્દરિયાના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો હતો.

અભિનંદન સહ ઉજ્જવળ ભાવિની શુભકામના.

## અમિત મંકોડીએ પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી

ગાંધીનગર સ્થિત ધીરૂભાઇ અંબાણી ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ફોર્મેશન ટેકનોલોજી એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજી યુનિવર્સિટી(DAIICT)માં અધ્યાપક તરીકે ફરજ બજાવતા શ્રી અમિત મંકોડીએ કમ્પ્યુટર સાયન્સ શાખામાં સંશોધનાત્મક વિષયો 'કમ્પ્યુટર આર્કિટેકચર એન્ડ મશીન લર્નીંગ' (આર્ટીફિશીયલ ઈન્ટેલીજન્સ) પર કરેલ રીસર્ચને પોતાના જ કર્મસ્થાન એવી DAIICTએ માન્ય રાખી તેઓને Ph.D.ની પદવી એનાયત કરી છે.ડો.અમિત કેલિફોર્નિયા યુનિવર્સિટીમાંથી માસ્ટર ઓફ કમ્પ્યુટર સાયન્સની ડીગ્રી ધરાવે છે.



ઉંમરને પાછળ ધકેલી પોતાના દ્રઢ નિર્ધાર અને અથાગ પરિશ્રમ થકી અન્ય માટે પ્રેરક ઉદાહરણ રૂપ આ સફળતા હાંસલ કરનાર ડો. અમિત, અમદાવાદ સ્થિત સ્વ.કિશોરભાઇ અને નયનાબેન મંકોડીના પુત્ર તથા રાજકોટ સ્થિત શ્રી જયંતભાઈ અને સ્વ.મીરાંબેન બક્ષીના જમાઈ છે.

ભાઇ અમિતને અભિનંદન સાથે પરિવાર તેમજ પત્ની સૌ. અલ્પા(અમી)ને પણ અભ્યાસના ઉત્તેજન અને સહયોગ બદલ ધન્યવાદ આપવા ઘટે.વધુ ઉજ્જવળ કારકિર્દીની શુભકામના.

## માત્ર સાત વર્ષની બાળ વયે ચિ. વ્યાખ્યા દેસાઈનું ૧૨૫૦૦' આરોહણ

વડોદરાની શ્રી અંબે વિદ્યાલયમાં ધોરણ–૨માં અભ્યાસ કરતી,જાણીતી ટ્રેકર ગર્લ વ્યાખ્યા દેસાઈએ અમદાવાદની ટ્રેકીંગ સંસ્થા 'ઇન્વિસિબલ' તરફથી યોજાતા ટ્રેકીંગમાં ઉત્તરાખંડના ૧૨૫૦૦'ના કેદારકંઠ શિખરને માત્ર સાત વર્ષની બાળ વયે ઉચ્ચ શિખર સર કરી ફરી એકવાર પૂરવાર કર્યું કે 'અડગ મનના મુસાફરને હિમાલય પણ નડતો નથી'.

માતા ઊર્વિ અને પિતા આદિત્ય દેસાઈ સાથે ફેબ્રુઆરી ૨૭ તારીખે સવારે ૬ વાગ્યે શરૂ કરી સતત સાડા પાંચ કલાકના આરોહણ પછી ૧૧:૩૦ વાગ્યે શિખર પર પહોંચી હતી. માઈનસ ૮ ડીગ્રી કડકડતી

ઠંડી અને જોશીલા ઠંડા પવન સાથે કુદરત સાથે જ્યારે ભલભલા લોકો હિંમત હારી જાય ત્યારે કુદરતનો સંગાથ માણતા માણતા વ્યાખ્યા ઉચ્ચ શિખરે ચડી ગઈ હતી,જે માટે વ્યાખ્યાએ ત્રણ દિવસ સુધી ગોઠણ સુધીના બરફમાં લગભગ ૧૮ કિ.મી.ટ્રેકીગ કર્યું હતું.અણીના સમયે વાતાવરણ બગડતાં અતિશય હિમવર્ષા અને હિમતોફાન સાથે પ્રથમ બે દિવસ ખૂબ કસોટીના રહયા હતા પરંતુ ટ્રેક ગાઈડના કહેવા પર હિંમતથી વ્યાખ્યાએ ટ્રેક ચાલુ રાખી અન્ય સભ્યોને પણ હિંમત આપી હતી.ચાલુ હિમવર્ષાએ છ કિ.મી.ટ્રેક કરી સમગ્ર ગ્રુપ કેદારકંઠ એડવાન્સ બેઇઝ કેમ્પ પહોંચ્યુ હતું.નોંધપાત્ર છે કે ટ્રેક કરાવતી સંસ્થાઓમાં લઘુતમ વય મર્યાદા ૧૫ વર્ષની હોય છે.

ચિ. વ્યાખ્યા અગાઉ જામનગર વડોદરા સ્થાયી થયેલા શ્રી ચંદ્રભૂષણ કવિવરરાય દેસાઈ અને શ્રીમતી ભાવના દેસાઈની પૌત્રી અને શ્રી નયન વામનરાય માંકડ અને શ્રીમતી હેતલ માંકડની દોહિત્રી થાય. ચિ. વ્યાખ્યા સાથે તેમના સાહસ માટે બંને ઉત્સાહ પ્રેરક પરિવારને પણ અભિનંદન.

---

## સંગીત એક ઉત્તમ ચિકિત્સા પદ્ધતિ

દરેક રોગનો ઈલાજ દવાઓ જ હોય તેવું નથી.દવાઓ માટે એક વૈજ્ઞાનિકે સચોટ લખ્યું છે કે Medicines sometimes cures often relieves but always consols. અર્થાત્ દવાઓ ક્યારેક મટાડે છે,ક્યારેક રાહત આપે છે પણ કાયમ સાંત્વન જ આપે છે.આપણા શાસ્ત્રોમાં અનેક ઉપચાર પદ્ધતિઓ વર્ણવી છે, જેમાં સંગીત પણ એક ઉત્તમ ચિકીત્સા છે.શારિરીક સ્વાસ્થ્ય કરતા માનસિક સ્વાસ્થ્ય વધુ જરૂરી છે.નિર્મળ,ઉદાત્ત,પવિત્ર,આનંદમય મન આરોગ્ય પ્રાપ્તિની રામબાણ દવા છે.પ્રતિ ક્ષણે અંતરાત્મામાં હું આનંદમય સ્વરૂપ છું એમ વિચારો તો જીવન સરળ બની જાય.સંગીત હૃદય સ્પર્શી હોવું જોઈએ.અંદરના મનને જાગૃત કરે તે જ સાચું સંગીત.સારંગ નામની ઋચામાંથી સંગીતની ઉત્પતિ થઈ, એટલે સામવેદને સંગીતની ઉપમા આપી છે. સંગીત દૈવી વિદ્યા છે કારણ સંગીત શાસ્ત્રની ઉત્પતિ મુખ્ય દૈવ વર્ગમાં મહાદેવ,દેવી પાર્વતી,દેવી સરસ્વતી,શ્રી કૃષ્ણ અને બ્રહ્મ દ્વારા થઈ હોવાથી સંગીત વિદ્યા ન રહેતાં દૈવી શક્તિ સાથે જોડાયેલ આધ્યાત્મિકતાનું સ્વરૂપ–સાધના છે એટલે જ રોગોના નિવારણ–ઉપચાર માટે સંગીત અકસીર અને ઉપકારક સાધન છે.એક ચિત્તે સંગીત સાંભળવું એ એક પ્રકારની પ્રાર્થના પણ છે.કારણ સંગીતનો આત્મા પરમેશ્વરનો અંશ છે.સંગીતની ભાષા પ્રેમની ભાષા છે.ગાયકના અવાજના આંદોલન અને શ્રોતાના હૃદયની વચમા સંગીતનું રહસ્ય છુપાઇને બેઠું છે. સ્ટીવન હોલ્પર નામના એક સંશોધક જણાવે છે કે સૂર્યના કિરણોના સાત રંગો,સંગીતના સાત સૂરો અને શરીરના સાત ચક્રો વચ્ચે ગાઢ સંબંધ છે. સંગીત દ્વારા રોગ ઉપચાર માટે સુયોગ્ય વાતાવરણ હોવું જોઈએ.શાંત એકાંત,મંદ સુગંધિત પવિત્ર વાતાવરણ વચ્ચે તાનપુરાના સુમધુર રણકાર વચ્ચે કાનને સુશ્રાવ્ય બનાવી આ વાતાવરણ તૈયાર થાય છે.ગાયન વાદન તો પછી પરંતુ માત્ર તાનપૂરાનો રણકાર જ હૃદયને તરબતર બનાવે છે..જે એકાગ્ર ચિત્તે સાંભળવાથી ઊંડી અસર થાય છે.

–ડો.રાજેન્દ્ર હાથી,વડોદરા. મો.૯૮૨૪૪૮૯૫૧૭

---

**Competing with others not necessarily make you better,"Competing with yourself certainly makes you better!"Choice is yours!**

# સમાચાર સંચય :

- રાજકોટ : તા.૧/૩/૨૨ના શિવરાત્રિ પર્વના ઉપલક્ષ્યમાં નાગર બોર્ડિંગના પટાંગણમાં સાંજે ૭થી ૧૦ ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થઈ ગયું.જેમાં ૫થી ૧૫ વય જૂથ માટે શ્લોક સ્પર્ધા,૧૫થી ૩૫ માટે ભજન સ્પર્ધા,૩૫થી ઉપરના વય જૂથ માટે કોરસમાં ભજન સ્પર્ધા રાખવામાં આવી હતી. આકર્ષક મંચ સજ્જા લાઈટીગ વચ્ચે નાના બાળકો,યુવાનો,પ્રૌઢ વયના ભાઈઓ બહેનો સહીત આશરે ૭૦ સ્પર્ધકોએ શ્લોક,સ્તોત્ર,સ્તુતિ તથા ભજનોની પ્રસ્તુતિ કરી નિજાનંદ મેળવ્યો હતો.સમગ્ર કાર્યક્રમનું સંચાલન હિતેક્ષા બુચે કર્યું હતું. શ્રી દેવાંગભાઇ મંકોડી તથા નાની વયની ઉગતી પ્રતિભા ચિ.પૃથા પ્રણવ બક્ષીએ કાવ્યમય શૈલીમાં ઉદ્‌ઘોષક તરીકે જવાબદારી સરસ રીતે અદા કરી હતી.નિર્ણાયકો તરીકે શ્રી નિલેષ વસાવડા તથા શ્રી શૈલેષ પંડયાએ પોતાની સેવાઓ આપી હતી.જેઓએ વિજેતાઓની જાહેરાત બાદ વ્યકિતગત રીતે સ્પોન્સર થયેલાં ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું.દરેક સ્પર્ધકોને પણ 'પ્રોત્સાહક ભેટ' આપવામાં આવી હતી.નોંધપાત્ર બાબત એ હતી કે કોઈ સંસ્થાના બેનર વગર,મહેમાનો સન્માનો ને સંબોધન વગર અને કોઈના પ્રચાર વગર માત્ર નિઃસ્વાર્થ જ્ઞાતિભાવનાથી એક ટીમ અને અનેક સ્વયંસેવકોની જહેમત અને સ્વૈચ્છિક અનુદાનથી કાર્યક્રમ યોજાયો હતો.આશરે ૫૦૦ જેટલી સંખ્યામાં જ્ઞાતિજનોએ બે વર્ષના કારાગ્રહ બાદ સ્નેહ મિલન જેવા વાતાવરણમાં મન ભરીને મળવા હળવાનો, સુખ–દુઃખની આપ લે કરવાના આનંદનો 'બુસ્ટર ડોઝ' લઈ, અંતમાં શિવરાત્રિ નિમિત્તે શીખંડ, રાજગરાની પુરી,બટેટાનું શાક,સામો– કઢીનું ફરાળી ભોજન લઈ સૌ છૂટા પડયા હતાં. અત્રે અનિવાર્ય હોય તેટલાનો નામોલ્લેખ કર્યો છે.પરંતુ આયોજકો દાતાઓ તથા સહભાગી થનાર સૌ અભિનંદનના અધિકારી છે.
- લગભગ આઠ દાયકાથી નાગરોની હોળી તરીકે જાણીતી જાગનાથ/કોલેજવાડી ચોકમાં બે વર્ષના કપરા સમયના વિરામ બાદ હોલિકાદહન થયું.વર્ષોથી હોળીનું આ સ્થળ જ્ઞાતિબંધુઓના મેળાવડાનું સ્થળ રહયું છે.જે પરંપરા જાળવી દૂરસુદૂરથી આશરે ૪૦૦–૫૦૦ જેટલા અબાલ વૃધ્ધોએ હાજર રહી દર્શન સાથે મિલનનો લાભ લીધો હતો.શ્રી પ્રફુલ(બાબુ)ભાઇ માંકડ બાદ વર્ષોથી હોળી આયોજનની જવાબદારી શૈલેષ વછરાજાની, દીગેશ માંકડ તથા સ્વ.મુ.શ્રી કૌશિકભાઇ માંકડ પરિવારના સભ્યો આ જવાબદારી નિભાવી રહયા છે.જે આ વર્ષે પણ સુપેરે નિભાવી હતી.દર વર્ષ માફક આ વર્ષે પણ સાંજે હોળી ગોઠવનાર સ્વયંસેવકોએ સાથે બેસીને ગરમાગરમ દાળવડા, મરચાં ને ચાની અનેરી મોજ માણી હતી. આ વર્ષે એક બાજુ ઉલ્લાસની સાથે થોડો ગમ પણ હતો.. કાયમ હોય જ તેવા બંધુઓ કે તેમના પરિવારના સભ્યોની કોરોનામાં અણધારી વિદાયને કારણે આવા બંધુઓ–પરિવારની ગેરહાજરી સાલતી પણ હતી. ખેર! સમય સમય બલવાન..!




**When you realise “that you have enough,“You are truly rich...“Choice is yours !**

- (ભાઇ દીગેશે જણાવ્યા મુજબ હવે અગાઉની જેમ હોળીના છાણા ગોઠવવા અન્ય વ્યવસ્થા માટે સામેથી કોઈ સેવા આપવા નથી આવતા તેનો રંજ રહે છે. જો કે કાર્યકરોની ખેંચ બધે વર્તાઇ રહી છે.યુવાનો માટે કદાચ હવે શકય નથી પરંતુ ૫૦થી ૬૦ વર્ષના બંધુઓ થોડો ટાઈમ ફાળવે તો પરંપરા, ઉત્સવો, મેળાવડા જળવાય રહેશે. મનની ખુશી અને શારિરીક શ્રમ પોતાને જ લાભદાયી નીવડશે. જો કે હવે તો દરેક જ્ઞાતિ સંસ્થાઓમાં આવા પ્રૌઢ વયના જ્ઞાતિબંધુઓની અનન્ય સેવાઓ થકી જ જ્ઞાતિ પ્રવૃત્તિઓ ધમધમી રહી છે તે પણ નોંધ લેવી ઘટે છે.)
- અમદાવાદ : શ્રી હિમાંશુ વૈદ્ય,ભાવિન વસાવડા તથા દેવવ્રતભાઇ મહેતાની જહેમત અને આગેવાની હેઠળ અત્રેના ગોતા, ચાંદલોડીયા,વૈષ્ણવીદેવી વિસ્તારના આશરે ૧૫૦ જ્ઞાતિજનોએ એકત્ર થઈ તા.૧માર્ચને શિવરાત્રિ નિમિત્તે સમૂહમાં શ્રી પંડયાભાઇના આચાર્ય પદે વિધિસર શિવપૂજનનું આયોજન કરાવવામાં આવ્યું હતું.પૂજન બાદ શિવમહીમ્ન સ્તોત્ર ગાન બાદ આરતીનો સૌએ લાભ લીધો.અંતમાં ફરાળી અલ્પાહાર અને ઠંડાપીણા બાદ બે વર્ષના લાંબાગાળા બાદ મળ્યા હળ્યા બાદ નવા વિસ્તારના બંધુઓએ એકબીજા સાથે પરિચય કેળવ્યો હતો.આ ઉત્સાહ પ્રેરક આયોજન અને હાજરી થકી 'હાટકેશજન પરિવાર'નું ગઠન કરવામાં આવ્યું હતું.હવે પછી 'હાટકેશદાદાના પાટોત્સવ'ની ઉજવણી કરવાનું પણ વિચારણા હેઠળ છે.ઉપરોક્ત સેવકોનો સંપર્ક સાધશો.
- અમદાવાદ : અ.ભા.નાગર પરિષદ મહિલા પાંખના ઉપક્રમે તા.૮/૩ના રોજે બાલાજી ગાર્ડન રેસ્ટોરન્ટના રમણીય વાતાવરણમાં વિશ્વ મહિલા દિન નિમિત્તે બહેનોનું 'ગેટ ટુ ગેધર'કાર્યક્રમ યોજાય ગયો.જેમાં ૧૫૦ જેટલા યુવા તથા વડીલ બહેનો સામેલ થયાં હતાં.મહિલા પાંખના પ્રમુખ શ્રીમતી રૂપાલીબેન વૈશ્નવે સૌનું સ્વાગત કર્યા બાદ, અ.ભા.ના.પ.મહિલા પાંખના ચેરપર્સન શ્રીમતી જલ્પાબેન દેસાઈ,મધ્યસ્થ સેક્રેટરી તન્વીબેન જહા, જોઈન્ટ સેક્રેટરી રૂપેણબેન કિકાણીના હસ્તે દિપ પ્રાગટય કર્યું હતું.રૂપાંગીબેનના કંઠે ગણેશ સ્તુતિ બાદ સૌને મહિલા દિન બદલ શુભેચ્છા પાઠવી તો કારોબારી સભ્યોએ કેક કાપી, હાઉસીની રમતનો તથા પાંઉભાજીનો આનંદ માણ્યો હતો.
- અમદાવાદ : અ.ભા.નાગર પરિષદ દ્વારા તા.૧૮/૩ના રોજ વ્રજેન્દ્રભુવન સ્વામિનારાયણ મંદિર ખાતે તિલક હોળી ઉત્સવનો કાર્યક્રમ યોજાય ગયો.શાખા પ્રમુખ શ્રી મનિષભાઇ કિકાણી,મહિલા પાંખના પ્રમુખ શ્રીમતી રૂપાલીબેન વૈશ્નવ તથા કારોબારી સભ્યોએ દીપ પ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆત કરી. શ્રી મનિષભાઈએ સૌનું શાબ્દિક સ્વાગત કર્યું.અમિતભાઈ મહેતાએ શાખા પ્રવૃત્તિઓ ને રૂપાલીબેને મહિલા પાંખની પ્રવૃત્તિઓની માહિતી આપી હતી.તનિષા વૈશ્નવ અને હીર વૈશ્નવે હોળી ગીત પર સુંદર નૃત્ય રજૂ કર્યું. તો ડો.વિમલભાઇ મહેતા,જોગીન ઢેબર,નિપમભાઈ ભટ્ટ,નૈઋત પારધી,અર્ચન દેસાઈએ ધમાકેદાર હોળી ગીતો રજૂ કરી શ્રોતાજનોની દાદ મેળવી હતી.સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી તેજસ મજમુદારે કર્યું હતું.કાર્યક્રમને અંતે શીખંડ,પુરી,મેથીના ગોટા સમેતની વાનગીઓનો આસ્વાદ લઈ સૌ છૂટા પડયા.

---

**Life in itself has no meaning.“Life is an opportunity to create meaning.“Choice is yours!**

- ભુજ : અત્રેનાં કુ.જ્યોતિબેન ભટ્ટની કાર્યદક્ષતા ધ્યાને લઈ વૈસ્ટર્ન રેલ્વે ભુજ સ્ટેશનના અમદાવાદ ડિવિઝનમાં રેલ્વે સલાહકાર સમિતિમાં નિમણુંક કરવામાં આવી.અભિનંદન.
- ભાવનગર : ગોઘા હાટકેશ્વર મહાદેવ ફંડના ઉપક્રમે હરિનાગર નિવાસ હાટકેશ્વર મહાદેવખાતે તા.૧/૩ના રોજ શિવરાત્રિ નિમિત્તે શ્રી જીજ્ઞાસુભાઇ મહેતાના યજમાન પદે અને શ્રી જોશીના આચાર્ય પદે લઘુરૂદ્ર પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું.મોટી સંખ્યામાં ઉપસ્થિત જ્ઞાતિજનોએ હાટકેશ્વરાષ્ટક અને શિવમહિમ્ન સ્તોત્ર તથા ભજન ગાન કર્યા બાદ પ્રસાદીના અંતે પરસ્પર મળીહળીને છૂટા પડયા હતા.
- ભાવનગર : તા. ૬/૩/૨૨ના રોજ અ.ભા.નાગર પરિષદ શાખાની વાર્ષિક સામાન્ય સભા સંસ્કાર મંડળ અખાડા ખાતે વિદાય લઈ રહેલ સંસ્થાના પ્રમુખ શ્રીમતી અર્ચનાબેન રીડાણીના અધ્યક્ષ સ્થાને મળી ગઈ. જેમાં મિનિટસનું વાંચન,છેલ્લા ૩ વર્ષના હિસાબો રજૂ કરી મંજૂર કરવામાં આવ્યા હતા.અર્ચનાબેને ગત વર્ષોમાં જ્ઞાતિજનોના મળેલ સહકાર બદલ આભાર માન્યો હતો.સંસ્થાના પ્રમુખની આવેલી દરખાસ્તમાં  શ્રી ધીરેનભાઇ એ. વૈશ્નવની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.તેઓએ પ્રાસંગિક વકતવ્યમાં પ્રમુખસ્થાને વરણી કરવા બદલ સર્વેનો આભાર વ્યકત કરી,સંસ્થામાં વધુ જ્ઞાતિજનો જોડાય તેવી લાગણી વ્યકત કરી સૌના સાથ સાથે જ્ઞાતિ સેવાના કાર્યો કરવાની ખાત્રી આપેલ. તાજેતરમાં પ્રમુખ શ્રી ધીરેનભાઇ વૈશ્નવ દ્વારા નીચે મુજબના હોદ્દેદારોની વરણી કરવામાં આવી. ઉપ પ્રમુખ તરીકે શ્રી પ્રશાંતવદન (જયંતભાઇ) એમ.વોરા,વિનોદભાઈ પી.વ્યાસ,મંત્રી તરીકે શ્રી ધર્મેન્દ્રભાઇ આર. મહેતા તથા શ્રીમતી જાગૃતિબેન એચ. દેસાઈ,કોષાધ્યક્ષ તરીકે શ્રી કીર્તિદેવ આર. પંડયા, મધ્યસ્થ સમિતિ માટે શાખા પ્રતિનિધી તરીકે ગજેન્દ્રભાઈ સી.મહેતા તથા શ્રી દધિચીભાઈ એન. મહેતા,પબ્લીક રીલેશન્સ : શ્રી સતિષભાઈ એન.વૈશ્નવની વરણી કરવામાં આવી.
- અખિલ ભારતીય નાગર પરિષદ ભાવનગર શાખાના ઉપક્રમે આતાભાઈ ચોક સ્થિત ભકત કવિ નરસિંહ મહેતાની પ્રતિમાના પૂજનનો કાર્યક્રમ યોજાય ગયો.કારોબારી સમિતિ અને જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં પ્રમુખ શ્રી ધીરેન્દ્રભાઈ વૈશ્નવએ ફુલહાર કરી પૂજન કરેલ.
- શ્રી ગોઘા હાટકેશ્વર મહાદેવ ફંડ મહિલા પાંખના ઉપક્રમે તા.૧૨/૩ના રોજ મહિલાઓ માટે રવેચી માતાના મંદિર ખાતે સાંજના ૫થી ૭ દરમ્યાન ઉજાણીનું આયોજન થઈ ગયું.જેમાં ૩૫ જેટલી બહેનોએ ભાગ લીધો હતો.જ્ઞાતિની બહેનોએ પોતાની રૂચિ મુજબ પોતે બનાવેલ વસ્તુઓ લાવેલ તેમજ અંતાક્ષરીથી મનોરંજન મેળવ્યું હતું.કાર્યક્રમને સફળ બનાવવા શ્રીમતી જાગૃતિબેન દેસાઈની ટીમે જહેમત લીધી હતી.

---

**As long as you feel pain, “You are still alive,“As long as you make mistakes, “You are still human,“And, “As long as you keep trying, “There is still hope. “Be happy!“ Choice is yours!**

એકસ્વાનુભવ:

## સમય અને સંબંધોની અતૂટ ગાંઠ

આપણી નાગર જ્ઞાતિનું ઘરેણુ સંસ્કૃત પરિવાર,લાગણીશીલતા અને ખાનદાની છે.કોઈપણ કુટુંબની સાચી સંપતિ,પરસ્પર સ્નેહ સમજદારી અને સંતોષ આણે અનુભવીએ છીએ.

સમય પરિવર્તનશીલ છે. તેથી જૂના અને વર્તમાન સમયની સ્હેજે સરખામણી થઈ જાય છે...આ એક અનભવ પ્રસ્તુત છે.

સરકારી નોકરીની શરૂઆતમાં હું તાલિમમાં હતો. અને પ્રત્યક્ષ તાલિમ દરમ્યાન અમારે અમદાવાદ પાસે દહેગામ જવાનું થયું.અમારૂ ચાર તાલિમાર્થીઓનું ગ્રુપ હતું. તેમાંના એક યશવંત દેસાઈ હિંમતનગરના હતા. તેઓના આગ્રહ થકી અમે ચાર તેમના ઘેર ફરવા માટે ગયા હતા. મને સંગીતનો શોખ હતો એટલે રાત્રે તેમને ઘેર સંગીતની બેઠકનું આયોજન કર્યું હતું. તેમાં હિંમતનાગરમાં સૌના પ્રિય વડીલને ખાસ આમંત્રણ આપ્યું હતું.તેઓ પણ સંગીતના જ્ઞાતા અને શોખીન હતા.આ વડીલ એટલે બક્ષીકાકા. (મુ.હિંમતલાલ મ.બક્ષી) તેઓ પધાર્યા એટલે એક પછી એક મારા ગ્રુપના મિત્રોની ઓળખાણ યશવંત દેસાઈ મારફત કરાવવામાં આવી.મારો વારો આવ્યો એટલે મારી ઓળખાણ આપી.તરત જ મને બક્ષીકાકાએ કીધું,નાગર લાગો છો.મેં હા પાડી એટલે કહયું,ક્યાંના છો..મેં કીધું માંગરોળના. તરત પૂછયું 'કોનો દીકરો'.મેં કીધું સૂર્યશંકરનો. મારી સામે આશ્ચર્યથી જોઈ રહયા અને કીધું અરે તું મામાભાઇના સૂર્યશંકરનો દીકરો ! બહુ રાજી થયા અને મને કીધું કે મામાભાઇ(મારા દાદાને મામાભાઈનું નામથી સંબોધાતું) અમારા પર ઋણ છે. અમને બહુ સાચવ્યા છે. અમારૂ બહુ ધ્યાન રાખ્યું છે. અમે માંગરોળમાં હાટકેશ્વર ફળીયામાં રહેતા ત્યાં બક્ષીકાકા પણ પણ પાડોસમાં રહેતા હતા.બધાના ખબર પૂછયા.જવાના સમયે મને જમવાનું આમંત્રણ આપ્યું પણ એટલુ જ નહી પણ એમ પણ કહયું કે તું એકલો નહિં તારી સાથે આવેલા ત્રણ દોસ્તને પણ સાથે લેતો આવજે.ઘણી આનાકાની પછી જમવા જવાનું નકકી થયું.

હવે બીજું આશ્ચર્ય આવે છે...બીજે દિવસે અમે જમવા ગયા ત્યારે ઘરમાં દાખલ થતાં જ વીણાબહેનને મેં જોયાં અને ઉદ્‌ગાર નીકળી ગયો..અરે વીણાબેન તમે અહિં? તો તેઓ કહે આ મારા બાપુજીનું ઘર છે.તેણી પણ મને જોઈને આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયાં! અરે પિનાકી તમે અહિં.પછી બધી વાતચીત કરી ખબર અંતર પૂછયા.વીણાબેન લગ્ન પછી જામનગરમાં અમારા પાડોશી હતાં.એક ભીંતે રહેતા એટલે ઘર જેવા સંબંધો હતા.

જમવામાં માંગરોળમાં વખણાતા કેળાં લાડુથી અમારૂ સ્વાગત કર્યું હતું.બક્ષીકાકા વડીલે તે યાદ કર્યુ.વાનગી ખાવાપીવાનું ગૌણ છે પણ બક્ષીકાકા અને તેના પરિવારે અમને તેઓના પ્રેમપૂર્વકનું ભોજનનું આમંત્રણ અને વાનગી પરથી અંદાજ આવે છે કે તેઓ જૂના સંબંધો અને લાગણીને તાજી કરતા કેટલા બધા ખુશ હતા...હવે આ સમય પાછો આવશે! વાંચકો પર છોડું છું.

પિનાકી સૂર્યશંકર શુક્લ,રાજકોટ.
મો. ૯૪૦૯૫૨૯૩૬૮

---

**Competing with others not necessarily make you better,“Competing with yourself certainly makes you better!“Choice is yours!**



(સ્વપ્રશંસાથી અલિપ્ત રહેતા કલાના ભેખધારીઓનો સૌને પરિચય થાય, કોઈકને કલા તો સૌને સ્વસ્થ તનાવ મુકત જીવનની પ્રેરણા પણ મળે તેવા ઉદ્દેશથી 'કલાના કસબી' કોલમ શરૂ કરી રહયા છીએ. પોતાને કે ઘ્યાનમાં હોય તે સૌને પરિચય લખી મોકલવા ઇજન છે. આ અંકમાં જાણીએ જાણીતા નાટ્ય કલાકાર ઉપરાંત વકતૃત્વ, ઉદ્‌ઘોષક, વાર્તાલેખનમાં પણ અવ્વલ રહેલા નિજાનંદી શ્રી કલાપી ધોળકિયા વિશે. .તંત્રી)

શ્રી કલાપી ધોળકિયાની જન્મભૂમિ રાજકોટ..બાવીસી ભુવન પરિવારના એક સભ્ય અને કર્મભૂમિ વડોદરા.તેઓ સને ૧૯૮૭માં રાજકોટની એ.વી.પારેખ ટેકનીકલ ઈન્સ્ટીટયૂટ ખાતે ડિપ્લોમા એન્જિનીયરીંગ ઇન ઇન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કંટ્રોલનો અભ્યાસ કરી વડોદરા ખાતે IPCLમાં જોડાયા અને વડોદરા બની કર્મભૂમિ.

નોકરી કરી પણ માહ્યલો કલાનો..તેથી ૧૯૯૨માં અમદાવાદમાં ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આર્ટસના નાટ્ય વિભાગમાંથી સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરી સ્નાતક થયા. વર્ષ ૧૯૯૧માં ૨૭ માર્ચ વિશ્વ રંગભૂમિ દિવસે તેઓએ 'જાહ્નવી કલા વૃંદ' નામની સંસ્થા સ્થાપી.જેમાં તેઓ સાત વર્ષથી ઉપરના બાળકોથી યુવાનો બુઝર્ગોને પણ 'અભિનય દ્વારા વ્યક્તિત્વ વિકાસ' શિબિરમાં છેલ્લા ત્રીસ વર્ષથી અભિનયની તાલીમ આપી રહયા છે.અને આશરે પાંચ હજાર વિદ્યાર્થીઓને નાટ્ય કલા તરફ અભિમુખ કર્યા છે. નોંધપાત્ર બાબત છે કે કલાપીભાઇએ ચૌદ પૂર્ણકાલિન બાળનાટકો લખી દિગ્દર્શન અને નિર્માણ કરી ગુજરાતના વિવિધ શહેરોમાં ૬૦ જેટલા વ્યાવસાયિક પ્રયોગો પણ કર્યા છે.બીજું કે ૨૦૦૯માં તેઓ લિખિત અને દિગ્દર્શિત નાટક 'પાંજરે પૂરાયો મમ્મી પપ્પા'એનએસડી–દિલ્હી ખાતે 'જશ્ન–એ–બચપન' ફેસ્ટિવલમાં સમગ્ર પ્રાંતીય ભાષાઓની ૧૨૫ કૃતિઓમાં પસંદગી પામી શ્રીરામ ઓડિટોરિયમ દિલ્હી ખાતે ભજવાયું હતું.ગર્વની વાત છે કે ૨૭ માર્ચના વિશ્વ રંગભૂમિ દિને, પ્રશંસા પામેલાં તેમના નવ નાટકો 'એમેઝોન' પરથી હાર્ડ કોપી 'પ્રિન્ટ ઓન ડિમાન્ડ' અને સોફટ કિંડલ કોપી રૂપે ઉપલબ્ધ થશે.રાજકોટ ખાતે કોરોના કાળના અંત ભાગમાં ગત ૨૬ ડિસેમ્બરના રોજ હેમુ ગઢવી હોલમાં તેઓ લિખિત, નિર્દેશીત, દિગ્દર્શીત બાળનાટક 'બમ ચીકી ચીકી બમ' ભજવાય ગયું.

વર્ષ ૧૯૯૨માં અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠ આયોજિત ઓપન ગુજરાત વકતૃત્વ સ્પર્ધામાં 'ગાંધી ચિંધ્યા માર્ગે ભારતનું ભાવિ ઉજજવળ છે' એ વિષય ઉપર પોતાના વિચારો રજૂ કરી પ્રથમ પારિતોષીક મેળવ્યું હતું.૨૦૦૩માં ગુજરાત સમાચાર દ્વારા આયોજિત નવલિકા લેખન સ્પર્ધામાં 'સુમનસુખ'વાર્તા લેખન દ્વારા પ્રથમ સ્થાને વિજેતા રહયા હતા.

રેડિયો, ટીવી, ફિલ્મ અને રંગમંચ પર અભિનય નો બહોળો અનુભવ ધરાવતા કલાપીભાઇ ગત વર્ષે માંડવી વિઝયુઅલ આર્ટસના ઉપક્રમે યોજાયેલ ઓપન ગુજરાત એકાંકી નાટય લેખન સ્પર્ધામાં તેમને 'એક અજાણી છોકરી' નાટક લેખન માટે પ્રથમ પારિતોષીક પ્રાપ્ત થયું હતું.અનેક કાર્યક્રમોમાં ઉદ્‌ઘોષક તરીકે રહેલા શ્રી કલાપી ધોળકિયા શ્રી શ્રી રવિશંકરજી દ્વારા સ્થાપિત 'આર્ટ ઓફ લિવિંગ' ફાઉન્ડેશનમાં હેપીનેસ પ્રોગ્રામના પ્રશિક્ષક તરીકે પણ પોતાની સેવાઓ આપી રહયા છે.

(અંતમાં...ગાંઠના પૈસે રંગમંચમાં પ્રાણ પૂરી નાટય કલાને જીવંત રાખી રહેલા આવા કલાના ભેખધારીઓના નાટકના શો જ્ઞાતિ સંસ્થાઓ ને જ્ઞાતિજનોના સહયોગથી યોજી ન શકાય? આવા ચુનંદા કલાકારોને સન્માનિત તો કરી જ શકાય.)


**When you raise finger “Or poke“Be sure “Your hands are clean !“Choice is yours !**

૮ માર્ચ મહિલા દિન..

## નારી તું નારાયણી...

ઘરે ઘરે પરમેશ્વર પહોંચી ન શકયો માટે તેણે નારીનું સર્જન કર્યુ.કાર્યેષુ દાસી,કરણેષુ મંત્રી,ભોજ્યેષુ માતા,શયનેષુ રંભા.નારી ઘરકામમાં કામવાળી કરતાં પણ સુંદર કામ કરી જાણે છે.ઘણી મંત્રણાઓમાં મંત્રી કરતા પણ મેદાન મારી જાય છે,માટે તો તે 'હોમ મિનિસ્ટર' કહેવાય છે.પતિ,બાળકો,શ્વશ્રૂ અને શ્વસુર ને અતિથિને ભોજન કરાવતી નારીમાં મને તો 'અન્નપૂર્ણાના દર્શન' થાય છે.અર્વાચીન યુગમાં પુરૂષ સમોવડી બની કદમ સાથે કદમ મિલાવતી 'અર્નીગ મેમ્બર'નારીમાં મને લક્ષ્મીના દર્શન થાય છે.
સ્ત્રીનો ઉપકાર ચૂકવવામાં પ્રભુ અસમર્થ રહયા છે...હારી ગયા છે માટે અનસુયાને ખોળે બાળક 'ત્રિદેવ' બ્રહ્મા,વિષ્ણુ,મહેશને રમવું પડયું હતું.શાકેત વગર શિવ,લક્ષ્મી વગર વિષ્ણુ,સરસ્વતી વગર બ્રહ્મા,રાધા વિના કૃષ્ણ,સીતા વગર રામ અધુરા છે.આથી તો શિવે અર્ધ નારી નટેશ્વરનું રૂપ ધર્યુ છે.

જીવન સંગ્રામ છે,પુરૂષ યુધ્ધે ચઢે છે ત્યારે નારી તેને ઢાલ બનીને ઉભી રહે છે.સ્ત્રી અગરબત્તી છે. પોતે બળીને પરિવારને સુગંધિત કરે છે.સ્ત્રી નમક(મીઠું)છે.તેની ગેરહાજરીથી સઘળું બેસ્વાદ થઈ જાય છે.લોકવાયકા છે કે સ્ત્રીનું કોઈ ઘર જ નથી હોતું હકીકત એ છે કે સ્ત્રી વિનાનું ઘર એ ઘર જ નથી હોતું. સ્ત્રી એ પ્રેમનું દર્પણ,ખુદનું સમર્પણ, ભાવનાનો ભંડાર, સ્નેહનો સાગર, કર્તવ્યની છડીદાર, સાક્ષાત પરમાત્મા એવી મા અને સાસુના ઋણ સ્વીકાર સાથે કુદરત ની આ અદ્‌ભુત રચના છે.જગતની બધી જ 'નારી તું નારાયણી'ને નત મસ્તક કોટિ કોટિ વંદન કરૂં છું.



એવું નથી કે સંવાદ વીનાના સંબંધો
"કાચા" હોય છે ,
સાંભળી જો શકો તો અહીં આંખો ને
પણ "વાચા" હોય છે..

–ઉન્નતી પંડયા,કાંદીવલી–મુંબઈ.મો.૯૯૬૯૧૯૬૧૮૯

## દીપશિખા

દીપશિખાસી પ્રતિક્ષા–
પથમેં ફેલે તમસ કો હર રહી .
દ્રષ્ટિ દાન કર,
અદ્રષ્ય દ્રષ્ય કો ઉજાગર કર રહી .
વેગ સે બઢ,
દૂરત્વ કે મરૂસ્થલ કો પાર કર રહી .
મૂર્તિ જો હૃદય મેં બસી,
ઉસસે સાક્ષાત્કાર કો ઝટ પટ ચલ રહી .
મેરી પૂર્ણિમા તુમ,તુમ હી દર્શન
તુમ હી સુદર્શન
પૂર્ણતા કી પ્રાપ્તિ કો,મૈં સ્વયં કો
પૂર્ણતઃ તુમ્હે સમર્પિત કર રહી .
નિધિ અંજારીયા
મો.૮૮૧૫૦૫૫૭૭૮

## લગ્ન વિષયક જાહેરાત :

(૧) એમસીએ., જ.તા.૨/૧૯૮૫, ઉ.૬' ૧૦–૧૫ લાખના પેકેજથી પ્રા.લી.કંપનીમાં નોકરી કરતા ના. બ્રા.યુવકને યોગ્ય કન્યા. સંપર્ક : ૯૪૨૯૦૪૩૩૨૭
(૨) એમ.કોમ., જ.તા. ૧૧/૭૯, ઉં.૬', પ્રા.લી.કંપનીમાં ફાઇનાન્સીયલ આસીસ્ટંટ તરીકે નોકરી કરતા યુવકને કન્યા.સંપર્ક : ૯૪૨૯૦૪૩૩૨૭

**When Someone Disrespects us it Shows their Insecurities,"Let Our Expression be Meaningful!"Choice is yours!"**


## અમિતાભ બચ્ચન સાથે મુલાકાત : એક અવિસ્મણીય યાદ...

–અવિનાશ મહેતા, મુંબઈ.




થોડા વર્ષ પહેલાની વાત છે...એક રવિવારે અમારે ત્યાં મારો એક મિત્ર આવ્યો અને કહયું કે આજે અમિતાભ બચ્ચનના 'હમ' ફિલ્મનું શૂટિંગ ગોરેગાંવ ફિલ્મસીટીમાં છે તો જોવા જવું હોય તો ચાલો. અમિતજીનું શુટીંગ હોય એટલે બધાને જોવા જવાની ઈચ્છા તો હોય જ અને જવા નીકળ્યા.'હમ'ના નિર્માતા રોમેશ શર્મા મારા મિત્રના ખાસ મિત્ર હતા તેથી સારો આવકાર મળ્યો.અમે એકબાજુ ગોઠવાયા,થોડીવારમાં અમિતજી આવ્યા.રોમેશજીએ ઓળખાણ કરાવી અને તમારૂં શુટીંગ જોવા આવ્યા છે તેમ કહયું.મેં shakehand કરતાં request કરતાં કહયું કે મારા પુત્રને તમારી સાથે ફોટો પડાવવો છે.તેમણે કહયું કે let me complete shooting. તેઓ શુટીંગ માટે ગયા ને જુદા જુદા સીનના શૂટિંગમાં ઘણી વાર લાગી.અમે રાહ જોઈને કંટાળી ગયા,પરંતુ મારા પુત્રને ફોટો લીધા વગર ઘેર જવું ન હતું. ઘણો સમય નીકળતો ગયો આ સમયે મને ગુસ્સો પણ આવ્યો અને મનોમન થયું કે આવો મોટો માણસ આપણી સાથે ફોટા પડાવવા શા માટે સામેથી આવે! એટલામાં મેં જોયું કે એકબાજુ અમિતજી સ્ક્રીપ્ટ વાંચતા જોયા. મેં મારા મિત્રને પુત્રને ત્યાં લઈ જવા કહયું કે તમે પાછળ ઉભા રહો અને હું ફોટો લઈ લઈશ...તે પ્રમાણે મેં ફોટો કલીક કરતાં ફલેશ થતાં બે ત્રણ જણા ત્યાં આવીને ગુસ્સે થતાં કહેવા લાગ્યા કે આ શું કર્યું.અમિતજી ગુસ્સે થશે ને શૂટિંગ અટકી જશે.બીજું મેં ફોટો લીધો ત્યારે અમિતજી શર્ટ કાઢીને માત્ર ગંજીમાં બેઠા હતા એટલે આવી રીતે લીધેલો ફોટો કોઈને ન ગમે.મને પણ ભૂલનો પસ્તાવો તો થયો. મેં જોયું ફલેશ થઈ ત્યારે અમિતજીએ અમારી બાજુ નજર નાખી હતી પણ કંઈ બોલ્યા નહિં.શૂટિંગ ચાલુ રહયું અને અમે બહાર નીકળી રહયા હતા ત્યાં પાછળથી ઘેઘુર અવાજમાં કોઈ બોલ્યું હોય તેમ માની પાછળ જોતાં સાનંદ આશ્ચર્ય વચ્ચે અમિતજી ઉભા હતા અને બોલ્યા "sorry Mr.Mehta for kept you waiting" આ એક વાકયે તેમના વિશેનો મારો અભિપ્રાય બદલાય ગયો. કે આટલી મોટી 'સેલિબ્રીટી' આવી નમ્રતા સાથે 'સોરી' કહે.વારસાગત સંસ્કાર, સરળતા, સૌમ્યતા જેવા અનેક ગુણ આ એક વાકયથી જ દેખાય ગયા. તેમના વિશે ઘણુ સારૂં સાંભળ્યું હતું પણ અમે તો પ્રત્યક્ષ અનુભવ કર્યો. જે આજીવન અવિસ્મરણીય રહેશે.

(ફોટામાં..ડાબી બાજુ મિત્ર તેની બાજુમાં શ્રીમતી વર્ષાબેન, પાછળ અવિનાશભાઇ, અમિતજી,પુત્ર મંદીપ, વડીલ બંધુ જયેન્દ્રભાઇ)




---

**Dissatisfaction with what you have “And“Desire for what you not have “Is the cause for your suffering!,“Avoid it!“Choice is yours !**

# કોઈ કહેશો કે નાગરો કેવા હશે?

( રાજકોટ સ્થિત મહેશભાઈ શાંતિભાઈ ધોળકિયા લિખિત આ લેખ થોડા વર્ષ પહેલાં છપાય ચૂક્યો છે, પરંતુ તે સમય કરતાં પણ જ્ઞાતિમાં ઘણો બદલાવ આવી ગયો છે, પેઢી દર પેઢી બદલાવ આવે છે, છતાં ઓનલાઈન બરછી વાંચીને અને સોશ્યલ મીડિયા પ્લેટફોર્મથી નાગર અને નાગરત્વની સમજથી યુવા પેઢીને અવગત કરવાના અને સાથે કોઈને આ અંગે પોતાના વિચારો હોય તો વ્યકત કરવાના ઉદ્દેશથી આ લેખ પુનઃ પ્રકાશિત કરી રહયા છીએ.–તંત્રી)

આજે નાતજાતના ભેદભાવો અને દેખીતી લાક્ષણિકતાઓ ઝડપથી ભૂંસાઇ રહયા છે ત્યારે આધુનિક તરૂણ તરૂણીઓને ખાસ કરીને વિદેશનિવાસી Generationest ને સવાલ થાય કે આ 'નાગર નાગર'નો ચારેકોર શોરબકોર થાય છે તે નાગર એટલે કોણ? કેવા? કઈ વાડીના મૂળા? કઈ કંપનીની પ્રોડક્ટ? જવાબ સહેલો નથી. રોજ રોજ અઘરો થતો જાય છે. પાઘડી બાંધે કે ધોતી મુગટા પહેરે તે નાગર, કે પાટિયે ઝૂલતા પાન ખાય તે નાગર. અને સાડીમાં લપાય ઘુમટો તાણે કે ઘર ખૂણે દીવો કરી ભજન ગાય કે રાંધણિયામાં ભોજન રાંધે તે નાગરણ. એવી વ્યાખ્યા હવે ઘણા વર્ષથી પ્રસ્તુત નથી. આજે આવાં દ્રષ્યો સિનેમામાં દેખાય તો દેખાય!

પહેરવેશ ને પરિવેશ આજે તદ્દન જુદાં છે એટલે આવી બાહ્ય નિશાનીઓ નાગરને ઓળખવા માટે નિરર્થક જ નહિ, ભ્રામક પણ છે. અને દુર્ભાગ્યે નાગરની જે આંતરિક સમૃદ્ધિ હતી તેની જે બૌદ્ધિક અને હાર્દિક ગરિમા હતી– Intellctual and emotional dignity એના જીવતા જાગતા દ્રષ્ટાંતો નવી પેઢી સામે વારંવાર પ્રત્યક્ષ થતાં નથી.

નાગર સંસ્કારની વાતો અઢળક થાય છે, એનો ઘોંઘાટિયો પ્રચાર જોરશોરથી થાય છે, ઠેરઠેર નાગર મંડળો થાય છે, સંમેલનો થાય છે, અખિલ ભારતીય કક્ષાએ અને વિદેશમાં પણ મહામિલનો યોજાય છે પરંતુ જુનિયર અને જુવેનાઇલ જનરેશન મુંઝાયને સવાલ પૂછવાનું ચાલુ જ રાખે છે. આ બધામાં નાગર ક્યાં? અમારે તો પ્રત્યક્ષ જોવા છે નાગરને! દર્શન કરી તૃપ્ત થઈએ તો જાણીએ.

ના, આવી પ્રવૃત્તિઓ–અને પ્રદર્શનોથી તરૂણોના મનનું સમાધાન થવાનું નથી. એ એક રીતે તો સારૂં જ છે. એ ઝટ ન રીઝે એ બાબત આપણા સૌ માટે એક પડકાર છે. અને આ 'ચેલેન્જ'ને ઝીલી લેવા એનો સાચો પ્રત્યુત્તર આપવાની દ્રષ્ટિ રાખીને આપણે જે કંઈ કરીએ તે થવું જોઈએ.

આપણે નવ તરૂણ વર્ગને સાથે લઈ વાતો કરવી પડશે. આપણે બ્રાહ્મણો–એટલે જીવન વિચારકો, તત્વચિંતકો–માંથી છૂટા પડયા, નગરવાસી થયા–સમજુ, શાણા, વિનયી, વ્યવહાકુશળ. ટૂંકમાં ઉત્તમ સંસ્કારો, ઉત્તમ જીવન વિચારોને રોજના જીવનમાં જીવી જાણે તે નાગર.

નાગર ગમે ત્યાં વસતા હોય–ગામડામાં, નગરમાં, મહાનગરમાં, પૂર્વના દેશોમાં કે પશ્ચિમના મોજશોખ વચ્ચે જીવતા હોય, તેમનામાં પ્રેમ હોય, સૌજન્ય હોય, ધૈર્ય હોય, સહાનુભૂતિ હોય, શાંતિ–તૃપ્તિ હોય. નાગર સૌને આદર આપે, સૌનો સહકાર લે, સૌને સાથ અને ઓથ આપે. સૌને પોતામાં અને પોતાને સૌમાં જુએ તે નાગર :

---

**When you judge others, "you do not define them, "you define yourself.**
**"Be careful while judging !"Choice is yours !**

**N**on Aggresive
**A**miclable
**G**raceful
**A**ffectionate
**R**espectful

જુનિયર નાગર્સને રસ પડશે આ વાતમાં. તેઓ અંદરથી આ જ Qualities ગુણવત્તા ઝંખે છે. માનવ માત્ર મૂળભૂત રીતે આ જ માંગે છે. પરંતુ પોથીમાંના રીંગણાંનું શાક ન થાય એમ આપણે સૌએ આવા ઉજ્જવળ નાગરત્વને આપણા વ્યવહારમાં વણવું પડશે. તો જ થશે..નાગરોનો નવાવતાર! (જો કે મહદ અંશે આજની યુવા પેઢી ગુણવત્તા સાથેના કર્મ દ્વારા જ્ઞાતિને ઝળકાવી પણ રહી છે. જે નવાવતાર જ કહી શકાય!)

---

**ભ્રમણા :** –શ્રી મનહર જે. વૈશ્નવ–મો. ૯૮૨૫૨૮૦૧૪૭

ઘણા માણસોને સત્યનો અભરખો હોય છે, કે માત્ર પોતે જ સત્ય જાણે છે. હવે આ વ્યકિતએ પણ આ સત્ય બીજા પાસેથી સાંભળેલું હોય છે. એટલે તેના દિલ દિમાગમાં જલ્દી આ સત્ય કોઈ સામે કહેવાની, સાંભળવાની અને ઓકી નાખવાનો અભરખો જાગે છે, પરંતુ તેને ખબર નથી હોતી કે સત્ય કહેવાની, સાંભળવાની કે ફેલાવવાની બાબત નથી. સત્ય માત્ર આચરવાની જ બાબત છે. બીજાના શ્વાસથી તમને પ્રાણરક્ષક ઓક્સિજન મળતો નથી, એ તમારે સ્વયં લેવાની બાબત છે. કહેવાનો મતલબ એ છે કે ક્યારેક કહેવાયેલું સત્ય અથવા અર્ધ સત્ય માણસની ભ્રમણા ભાંગી નાખે છે અને બધું બનાવટી–આભાસી છે, પરિણામે જીવનનો સાચો આનંદ ભોગવી શકાતો નથી. અને તેથી આવા સત્યના અભરખાવાળી વ્યકિતને વેગળી રાખવી જોઈએ, કારણ કે એ ખરેખર સત્ય જાણતી જ નથી હોતી. માત્ર 'તમે ફલાણા ભાઇ વિશે સાચું જાણો છો?' બસ આટલું બોલી માણસના શાંત સરોવરમાં કાંકરી નાખી વમળના ભ્રમણા ઉભા કરી દે છે.

મને મોરારીબાપુ માટે અત્યંત માન છે. સંસારી છતાં ભરપૂર સાધુતા છે અને તેનું જીવન પણ સાધુત્વથી વહે છે. છતાં કોઈ કાંકરીચાળો કરી કોઈ એમ કહે કે 'તમે ભલે ગમે એટલું મોરારીબાપુને માનતા હો, સમજતા હો પણ તેની બાબતમાં સાચું શું છે તે તમને ખબર છે?' ખલાસ. તમારૂં દિલ–દિમાગ રોડ ઉપરથી ઉતરી ગયેલા વાહન જેવું થઈ જશે. 'શું ખરેખર કંઈ હશે?' મુખવટાના આ યુગમાં માણસ બહાર દેખાય તેવો ખરેખર અંદર હશે? ભ્રમણા ! આ ભ્રમણાના વમળોમાં એક સંપૂર્ણ સાધુત્વ ધરાવતી તસ્વીરને તરંગોથી વીંટી દે છે, અને પછી તે વ્યકિતની દરેક સાત્વિક બાબતો શંકાશીલ બની જાય છે. માટે ક્યારેય અનુભવ્યા વગરની વાતોમાં વિશ્વાસ રાખી, ખોટા સત્યની ભ્રમણામાં, જીવનના શાંત સરોવરમાં વમળો ઉભાં કરવાથી જોજન દૂર રહેવું એ જ સત્ય છે, આનંદ છે. "Live what you believe" તમે, તમારૂં મન, તમારાં દિમાગમાં જે વિચારતા હો અને માનતા હો તેમ જીવો. ખોટી ભ્રમણામાં નહિં.

---

**When you judge others, "you do not define them, "you define yourself. "Be careful while judging !"Choice is yours !**

વિચાર મંથન :

## જે પોસતું તે મારતું તે ક્રમ દિસે કુદરતી... —દિપક બુચ,અમદાવાદ.મો.૯૪૨૭૬૧૬૫૧૧

આપણે 'દિન' ઉજવીને રાજી થઈ,સંતોષ માની લેવાના કાળમાં પ્રવેશી ચૂક્યા છીએ! ગત માસમાં માતૃભાષા દિન પણ આમ જ ચારે બાજુ શોર–બકોર કરીને ઉજવાયો. આ સંદર્ભમાં કવિશ્રી કલાપીની ઉપરોક્ત કડી યાદ આવી ગઈ. આપણે આપણી માતૃભાષા–ગુજરાતી–અમલમાં મૂક્યા સિવાય બચાવવાના લૂલા પ્રયત્ન કરી રહયા છીએ. શાળામાં શિક્ષકો અને ઘેર મા–બાપ,માતૃભાષા ગુજરાતી પ્રત્યે આકર્ષણ, લગાવ,પ્રેમ ઉપજે તેવા કોઈ પ્રયત્ન કરે છે? એટલે કે બાળકોને વાર્તાઓ,કવિતાઓ કહે –સંભળાવે છે? વંચાવે છે?બાળકોમાં માતૃભાષા પ્રત્યેનો લગાવ તો જ ઉભો થાય અને જીવંત રહે.માત્ર એક દિવસ તે અંગે લેખ લખી,વાર્તાલાપ/ ચર્ચાઓ કરવાથી 'વેન્ટીલેટર'પર મૂકવાની સ્થિતિમાં આવેલી માતૃભાષા બચાવવી એ બહુ જ કપરૂં કામ છે. જો દિશાસૂઝ સાથે ઉપર જણાવ્યા મુજબ પ્રક્રિયા કરી માતૃભાષા પ્રત્યે રસ જગાડવાનો પ્રયત્ન આપણે નહિ કરીએ તો વર્ષોવર્ષ 'દિન' જ ઉજવતા રહીશું અને તે પણ આપણી પેઢી સુધી જ!

---

### કહેવું છે...

કહેવું છે કેટલુંય હે મહેશ્વર!
પણ શબ્દોની દુનિયા ટૂંકી પડે છે!
નથી રહયું હવે જીવનમાં 'શેષ'
માયા સંસારની બધી અહીં જ મૂકવી પડે છે.
કોરોનાએ તો આપ્યો રોગ કાળો મેષ
જ્ઞાન,વૈભવ વાણી નેય
કળિયુગમાં ઝૂકવું પડે છે
થવાનું હતું તે થઈ ગયું,
રહી ગઈ છે જીવનમાં ઠેશ?
ભાઈ,બહુ મહેનત ન કરશો,
અંતે તો બધું નસીબ પર મૂકવું પડે છે.
શીખ્યા કંઈ માનવ–
મહામારીના સમયમાંથી?
અંતે તો દેહને સ્મશાને અને–
આત્માને વૈકુંઠે મળવું પડે છે.
— હર્ષલ અંજારિયા–'સહર્ષ', રાજકોટ.
મો.૯૪૦૯૦૧૭૮૫૪

અમદાવાદ સ્થિત શ્રી મેહુલભાઈ ભટ્ટના મૌલિક કાવ્ય સર્જનોનો રસાસ્વાદ બરછીના વાંચકોએ માણ્યો છે આ અંકમાં તેઓના અંતઃસ્ફૂરિત સ્વરચિત, સમજવા અપનાવવા જેવા Classic Quotes... Choice is yours બરછીના દરેક પાને સાભાર પ્રકાશિત કરી રહયા છીએ.–તંત્રી.

### અંબાનું નામ ભજીલો...

મા અંબાનું નામ ભજી લો,
બોલો અંબા અંબા નામ,
પાવન પરમ ભીડભંજની,
મા અંબા તને તને પ્રણામ હો..
મા અંબાનું નામ ભજી લો,
આવ્યાં રે મા ના નોરતાં,
ભક્તો તારા ગરબા ગાય,
ભાવે કરે ભકિત તારી,
તું હેતે હરખાય,અમે,
કાલા–ઘેલાં બાળ તારાં,
તું સ્નેહ આપે અપાર..હો..
મા અંબાનું નામ ભજી લો,
ભક્તોની રખેવાળ મા,
કોઈ સ્મરે ને તું હાજર થાય,
તારી કૃપા વરસે એ ઘડીએ,
આનંદ મંગળ વર્તાય..હો..
મા અંબાનું નામ ભજી લો,
– રાસવિહારી વૈશ્નવ,રાજકોટ.
મો.૯૪૦૮૧૦૭૩૭૩

---

**Dissatisfaction with what you have "And"Desire for what you not have " Is the cause for your suffering!,"Avoid it!"Choice is yours ! Mehul Bhatt**

## કઠણ...

ઊંટની ચાલ કઠણ
કાચબાની ઢાલ કઠણ
મગરની છાલ કઠણ
સોનીના કજીયા કઠણ
મુસલમાનના તાજીયા કઠણ
દરિયાના મોજા કઠણ
મુસલમાનના રોજા કઠણ
કાણિયાની આંખ કઠણ
ગીધની પાંખ કઠણ
આંખ્યુમાં વેલ કઠણ
સપનાના મહેલ કઠણ
વીસ પછી વાન કઠણ
સાઠ પછી શાન કઠણ
હીજડાની તાળી કઠણ
સદાવ્રતની થાળી કઠણ
સાસુના મેણા કઠણ
લેણદારના લેણા કઠણ
શ્રવણની કાવડ કઠણ
પોલીસના વાવડ કઠણ
ઋતુમાં શરદ કઠણ
દિલના દરદ કઠણ
કાંકરેજના બળદ કઠણ
પાચનમાં અડદ કઠણ
શરાબીના જામ કઠણ
નાગરના નામ કઠણ
વાણિયાનું નાણુ કઠણ
પટેલનું આણુ કઠણ
દરબારનું ભાણુ કઠણ
ગધેડાની લાત કઠણ
ચોકીદારની રાત કઠણ
ચોરની ભાળ કઠણ
હડકાયાની લાળ કઠણ
સુરતની ગાળ કઠણ
મુલ્લાની બાંગ કઠણ
શિવરાત્રિની ભાંગ કઠણ
ભરવાડની ડાંગ કઠણ
વરરાજાની પીઠી કઠણ
પ્રેમીની સીડી કઠણ
તમંચાની ગોળી કઠણ
સુરતની બોલી કઠણ
મુંબઈની ખોલી કઠણ
સલમાનની શાલ કઠણ
શ્રીફળની છાલ કઠણ
વાયદાની કાલ કઠણ
જુવાનીમાં ટાલ કઠણ
બેનંબરી માલ કઠણ
ડાયાબીટીની ખાંડ કઠણ
કોઠાની રાંડ કઠણ
નનામીનો બોજો કઠણ
આગાખાની ખોજો કઠણ
પારસીની પ્રીત કઠણ
રાજપૂતની રીત કઠણ
આલ્યા ભટ્ટની અદા કઠણ
સોદાગરના સોદા કઠણ
લોનનું વ્યાજ કઠણ
કસ્તુરીમાં પ્યાજ કઠણ

—હરદેવભાઇ માંકડ, જામનગર.

ક્યાંનું શું વખણાતું :
સૌરાષ્ટ્રનું મીઠું, મરચું, માંડવી
ખંભાતના અકીક
પાટણના પટોળાં
ઈડરના રમકડાં
જામનગરના બાંધણી, સૂરમો
સિહોર પિત્તળકામ/વાસણ
મોરબીની ઘડિયાળ, સિરામીક
કાંકરેજના બળદ
જાફરાબાદની ભેંસ
ગીરની ગાય
કાડીયાવાડની ઘોડી
ચરોતરની તમાકુ
ઊંઝાનું જીરૂં, ઇસબગુલ
વાસદની તુવેરદાળ
ભાલના ઘઉં
ડાકોરના ગોટા
જેતપુરની સાડી
થાનની માટી
વાંકાનેરનો માવો
સોનગઢની હિંગ
ગોંડલનું મરચું
હરદેવભાઇ માંકડ, (ઉ.વ.૯૪) જામનગર.

પ્રતિભાવ : ફેબ્રુઆરીના અંકમાં પાના નં.૧૫ ઉપર 'આવતી કાલની આશા' અંતર્ગત મે–૧૯૭૦ના અંકમાં દિવ્યાબેન બુચ વિશે માહિતી પુનઃ પ્રકાશિત કરેલ તે, અમદાવાદ સ્થિત દિવ્યાબેન ઝાલા–બુચે ફોન ઉપર બરછીને આભારની લાગણી વ્યક્ત કરતાં કહયું કે પોતે પણ હવે ભૂલી ગયાં હતાં તેવી યાદો તાજી કરાવી. પરિવારજનો જાણીતાના ફોન આવતાં ગર્વ સાથે ખુશી અનુભવી.

નોંધ : (૧) લવાજમ ભર્યા બાદ અમને જાણ કરી હોય, લવાજમ રીન્યુ પણ થઈ ગયું હોય પરંતુ અગાઉના અંક મોકલવા રહી ગયા હોય તો જે અંક ન મળ્યા હોય તેની જાણ કરવાથી મોકલી આપવામાં આવશે. (૨) આપના સરનામા કે લવાજમ ભરતા સમયે નોંધાયેલ મોબાઇલ નંબરમાં ફેરફાર થાય તો તુરત જાણ કરવા વિનંતી છે. જેથી બરછી મેળવવાથી તથા પહોંચના કે અન્ય SMSથી વંચિત ન રહો. (૩) ગતાંકમાં છપાયેલ 'દીકરી વહાલનો દરિયો... લેખના લેખક હતા ડો. રાજેન્દ્ર હાથી, વડોદરા.—શરતચૂકથી લેખકનું નામ છાપવું રહી ગયેલ.

**Trust, "That What" Belongs To You" Will Always Find You." Choice is yours !**

**ABM TRAVELS**

Since Foreign travel destinations are yet to open for tourists and flights are also not fully operational, you have good opportunity to visit our own "Apna Desh Dekho, Gumo, haro faro maja Karo" during diwali festival holidays places-Leh Ladakh (most sought after this season) Kashmir, Kerala, Lakshadweep, Kanyakumari,Andaman,Pondicherry, Mahabalipuram, Coorg Kabini,Ooty, Shimla Manali, Delhousie, Dharmshala, Nainital, Rishikesh Mussoorie Corbet, Darjeeling, Gangtok and many more.

Young and enthusiastik travellers can explore new destination like Assam Meghalaya, Arunachal Pradesh,Tripura,Manipur,Meghalaya and Nagaland, Wild Life Centure,National Parks, Cruise.

હવે રાહ જોવાની જરૂર નથી..નિર્ણય તમારો સજ્જતા અમારી... ચાલો જલ્દી તૈયાર થઈ જાવ અને નીકળી પડો દેશના પ્રવાસે !

**If anyone still intersted to travel in foreign countries than Nepal,Dubai,Maldives and Thailand are open with some restrictions.**

**Contact : abmtravels@gmail.com**

**09820817318**




**મો. નં. ૯૯૨૫૨૦૮૦૮૬ રાકેશ વસાવડા**

**શું તમે...?**

**–મકાનનું રીનોવેશન કરાવવા માંગો છો ?**

**–વોટરપ્રુફીંગ કરાવવું છે? કે...**

**–મકાન કે ઓફીસમાં કલરકામ કરાવવા ઈચ્છો છો?....તો–**



**આકર્ષક અને ટકાઉ કામની અમારી ગેરંટી અને બજારભાવ કરતાં વ્યાજબી ભાવની કાયમી ખાત્રી રાખી બધું જ અમારા ઉપર છોડો...**

**ફોન કરો : જયેશ વસાવડા**

**નિર્મળ કલર (અમેરીકન કલર)**

**મો. ૮૯૮૧૭૦૮૧૩/૯૦૬૭૪૯૩૧૧૭**

Pay subscription in A/c.of Kalam Kadchhi Barchhi
BANK OF BARODA, Kalawad Rd. Branch Rajkot
**A/C. No. 15010200000110 IFC Cd. BARB0KALAWA**
OR you can pay by using this QR code→

UPI ID: 9428700105@paytm
Paytm: 9428700105

Scan this QR or send money to 9428700105 from any app. Money will reach in Dholakia Viren Shantibhai's bank account.

**નારાયણબલી તથા માતૃશ્રાધ્ધ માટે નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર**
**સુધીરભાઈ ચંદ્રશંકર શુકલ**
**ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં, સિદ્ધપુર. ફોન : ૨૭૬૭–૨૨૧૯૩૫**

BOOK POST

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.